Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# ઝાલાવાડમાં શિક્ષણ દિવડાં પ્રગટાવતી સંસ્થા મૈત્રી વિદ્યાપીઠ

**નરેશકુમાર અરજણભાઇ દેસાઇ**
(એમ.ફીલ રીસર્ચ સ્કોલર), ઇતિહાસ અને સંસ્કૃતિ વિભાગ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

પ્રસ્તાવના:

સૌરાષ્ટ્રના પ્રવેશદ્વાર તરીકે ઝાલાવાડની ગણના કરવામાં આવે છે. ઝાલાવાડ પંથકમાં મૂળ સુરેન્દ્રનગર જિલ્લાનો સમાવેશ થાય છે. આ વિસ્તારમાં મહદઅંશે લોકો ખેતી આધારિત જીવનનિર્વાહ કરી રહ્યાં છે. અને તેમાં પણ કુદરત આ વિસ્તારમાં અવાર-નવાર અનાવૃષ્ટિના પડકાર આપી રહી છે. તેના કારણે દુષ્કાળ જેવી પરિસ્થિતિ સર્જાતી હોય છે. આ પરિસ્થિતિને લઈને આ વિસ્તારના ખેડૂત વર્ગ અને અન્ય મજૂર વર્ગના લોકોમાં શિક્ષણ તેમજ અન્ય રીતે મધ્ય ગુજરાતની સરખામણીએ વિકાસ એક કદમ દૂર રહ્યો છે. આ વિસ્તારના આવા પરિવારોના બાળકો માટે ગામડાઓમાં પુરતી સુવિધાઓની ક્યાંક ઉણપ વર્તાય છે. સાથોસાથ ઉચ્ચ શિક્ષણ મેળવવું અને એ પણ શહેરોમાં જઈ મોંઘું શિક્ષણ મેળવવું આ વિસ્તારના ખેડૂત અને મજૂર વર્ગના લોકો માટે સ્વપ્ન સમાન લાગે છે. અને આવાં ગરીબ, ખેડૂત અને મજૂર પરિવારોના બાળકોના આ સપનાઓને સાકાર કરવા સુરેન્દ્રનગર શહેર ખાતે ધોરણ 1 થી લઈ બી.એડ., પી.ટી.સી., એમ.એડ., અને પીએચ.ડી. સુધીનું નિવાસી શિક્ષણ પુરૂ પાડતી સંસ્થા એટલે મૈત્રી વિદ્યાપીઠ.

વર્તમાન સમયમાં શિક્ષણ આપતી આજે પણ ઘણી એવી સંસ્થાઓ કાર્યરત છે કે જે સમાજમાં ઉત્કૃષ્ટ કામગીરી કરી સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે પોતાનું આગવું પ્રદાન આપી રહી છે. આવી જ એક સંસ્થા એટલે મૈત્રી વિદ્યાપીઠ.

“શિક્ષણ અને કેળવણી બંને એક નથી, બંને વચ્ચે પાયાનો ભેદ એ છે કે, શિક્ષણ વર્ણવ્ય છે, સૈધ્ધાંતિક છે. જ્યારે કેળવણી અનુભવજન્ય છે, પ્રાયોગિક છે. જે શિક્ષણ વ્યવહારમાં પ્રયોજાતું નથી તે કેળવણી કદી બની શકે નહિ”[1] આવી કેળવણીનું ધામ એટલે મૈત્રી વિદ્યાપીઠ.

ગુજરાત રાજ્યમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ઇ.સ. 1974 થી મૈત્રી વિદ્યાપીઠ [2] વિવિધ શૈક્ષણિક સંસ્થા દ્વારા સમાજમાં ગરીબ અને પછાત વર્ગની મહિલાઓને શિક્ષણ સાથે સમાજમાં તેઓના ઉત્થાનમાં ઓતપ્રોત થઇને કાર્ય કરી રહી છે. “સામાજિક ચારિત્ર્ય (Social Character) ઘડતર દ્વારા રાષ્ટ્રીય ચારિત્ર્ય (National Character)” [3] ઘડતરની યુક્તિને જીવનમંત્ર બનાવી આ સંસ્થા કાર્ય કરી રહી છે. સાથોસાથ સમાજમાં ચારિત્ર્યનું સિંચન કરનાર શિક્ષકો સમાજને પુરા પાડી રહી છે.

આર્થિક, સામજિક અને શૈક્ષણિક રીતે પછાત ગણાતા ઝાલાવાડ (સુરેન્દ્રનગર) જિલ્લાનાં બાળકોના સર્વાંગી વિકાસ માટે માનવ મંદિરની સ્થાપના થયેલી.[4] જેનું મકાન મૈત્રી વિદ્યાપીઠને રૂપિયા ચૌદ લાખમાં પાંચ વર્ષ સુધી દર વર્ષે ત્રણ લાખના હપ્તાથી ચુકવવાની શરતે મળેલું.[5] જે પાછળથી રૂપિયા એકના ટોકન ભાડાથી આપવાનું નક્કી થયું હતું. મૈત્રી

વિદ્યાપીઠમાં વિવિધ નામોથી શૈક્ષણિક પ્રવૃતિઓ ચાલે છે. જેના દ્વારા સમાજમાં તેની આગવી ઓળખ ઉભી કરી છે.

"નામ રહંતા ઠાકરા નાણા નવ રહંત,
કીર્તિ કેરા કોટડા પાડ્યા નવ પડંત"[6]

આવી કીર્તિ મેળવી સુરેન્દ્રનગર જ નહી પરંતુ આખા ગુજરાતના ખુણે-ખુણામાં આ સંસ્થાએ પોતાના કાર્યોની ફોરમ મહેકતી કરી છે. તેમજ આ સંસ્થામાં તૈયાર થયેલા શિક્ષકોને રાષ્ટ્રના ચારિત્ર્ય નિર્માણની ધુરા સોંપી છે.

મૈત્રી વિદ્યાપીઠ અને તેની ભગીની સંસ્થા માનવ મંદિરનું શિક્ષણક્ષેત્રે પ્રદાન

શ્રી મનસુખભાઇ દોષી લોક વિદ્યાલય

શ્રી લકમશી નપુ મૈત્રી અધ્યાપન મંદિર

શ્રી સુશીલા-મુક્તા મૈત્રી બાલ અધ્યાપન મંદિર

શ્રી ચીનુભાઇ હિંમતલાલ શાહ મૈત્રી મહિલા બી.એડ કોલેજ

શ્રી મંજુલા કન્યા વિદ્યાલય

મૈત્રી છાત્રાલય (ભાઇઓ)

ભગિની છાત્રાલય (બહેનો)

શ્રી ડૉ. લક્ષ્મીચંદ મૂળજીભાઇ ધ્રુવ બાલાશ્રમ (અનાથાશ્રમ)[7]

ડૉ.બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટી બી.એડ. કેન્દ્ર[8]

શ્રી ચીનુંભાઈ હિમ્મતલાલ શાહ મૈત્રી મહિલા બી.એડ. કોલેજ

માધ્યમિક શાળા સુધીનું કામ નાગજીભાઇએ કર્યું અને તેનો તેમને સંતોષ થયો. ગામડાના વિદ્યાર્થીઓ ગામડે જઇ હોંશે જ્યાં જગ્યા મળી ત્યાં પ્રવૃતિઓના મંડાણ શરૂ કર્યા. છેલ્લે પ્રશ્ન ઉભો થયો આ દૂધમલીયા યુવાનોને રાષ્ટ્રીય ભાવનાથી ભરપૂર એવું વાતાવરણ આપી સમાજ માટે સમર્પિત થઇ શકે તેવા વિચારશીલ ચેતનવંતા સારા શિક્ષકો તૈયાર કરીએ તો ! આ માટે શિક્ષણ ક્ષેત્રોમાં પૂર્વ પ્રાથમિક, પ્રાથમિક અને માધ્યમિક ક્ષેત્રે સારા શિક્ષણ સન્યાસીઓ તૈયાર કરે તેવી રાષ્ટ્રીય સંસ્થાઓ જેવી કે પ્રિ.પી.ટી.સી.કોલેજ, પી.ટી.સી.કોલેજ, બી.એડ. કોલેજ ઉભી કરવાનું આયોજન થયું તેના ફળ સ્વરૂપ મૈત્રી વિદ્યાપીઠની સ્થાપના થઈ. મૈત્રી વિદ્યાપીઠમાં અભ્યાસ પૂર્ણ કરી ફક્ત દિવાલો, બ્લેક બોર્ડ – ચોકને પુસ્તક પુરતી જ શાળા ન રહે પણ શાળા સમગ્ર માનવ સમાજ બને તેવા વિચારશીલ શિક્ષણ સન્યાસીઓ તૈયાર કરી સારા સમાજ સેવકો અને લોક સેવકો સમાજ માટે વહેતા મુકવાનું ભગીરથ કામ શરૂ કર્યું.[9]

"સમાજને સમર્પિત થઇ શહીદ ભાવ ધરાવે તેવા, શિક્ષણ ક્ષેત્રે સન્યાસી વૃતિથી જીવનારા થોડાએક શિક્ષકો મળે તો શિક્ષણ દ્વારા સામાજિક ક્રાંતિની વાત યથાર્થ નીવડે. આવી ભાવના સાથે 1988 ના વર્ષથી આ કોલેજનો પ્રારંભ થયો. માનવ મંદિર પ્રાંગણમાં કોલેજને જરૂરી પૂર્ણ સુવિધાઓવાળા મકાનો, જરૂરી સાધનો, સગવડતાઓ, પુસ્તકો વસાવી કોલેજે પોતાની શૈક્ષણિક સફર, વિકાસયાત્રા આરંભી."[10] આજે મહિલા સંસ્કાર ધન તૈયાર કરતું, શિક્ષણ સન્યાસીઓ તૈયાર કરતું આ સંકુલ પોતાની શિક્ષણયાત્રાના 31 વર્ષ પુરા કરી 32 માં વર્ષમાં પ્રવેશી ચુક્યું છે.

આ સંસ્થાને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના તા.૧૦/૧૨/૧૯૯૨ના પત્રાંક: જોડાણ/૨/૧૩૫૬/૯૨ થી શિક્ષણ વિભાગને કાયમી જોડાણની કાર્યવાહી કરવા ભલામણ કરવામાં આવેલ છે. જેના ઉપર શિક્ષણ વિભાગે તા.૦૪/૦૯/૧૯૯૩ના જાહેરનામા ક્રમાંક:રાયજ/૧૫૮૮/૪૯૦૪(૮૯)(એ-૪૫/૮૯)-ખ થી ૧૫મી જૂન ૧૯૯૨થી કાયમી જોડાણ મંજૂર કરી આપેલ છે. યુનિવર્સિટી ગ્રાન્ટ

કમિશન (UGC) સાથે તા.૦૨/૦૬/૨૦૦૩ના F.૮-૧૬/૯૮(CPP-I) થી જોડાણ ધરાવે છે. અને ત્યાર બાદ National Council For Teacher Education (NCTE) દ્વારા તા.૩૧/૦૫/૨૦૧૫ F.No.WRC/ ૩૧૩૦૧૭/૨૦૧૫/૧૪૦૮૦૩ થી ભારત સરકારના ગેઝેટમાં રિવાઇઝ ઓર્ડર પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.[11]

આ સંસ્થામાં પ્રાર્થના હોલ, સેમિનાર હોલ, રીડીંગ રૂમ, જેન્ટ્સ રૂમ, લેડીઝ રૂમ, હેલ્થ સેન્ટર, મેથડ્સ રૂમ, પુરતાં વર્ગખંડો, સાયન્સ લેબ, સાયકો લેબ, બાઇબ્રેરી, કમ્પ્યુટર રૂમ, હોમ થિયેટર રૂમ, કેન્ટિન, ટોયલેટ બ્લોકસ, એજ્યુકેશન ટેકનોલોજી રૂમ, બ્રોડબેન્ડ કનેક્શન, કલર ટી.વી., બાયસેગ સુવિધા, એલ.સી.ડી. પ્રોજેક્ટર, ડી.વી.ડી. પ્લેયર, ઓ.એચ.પી., સ્માર્ટ બોર્ડ, વિશાળ મેદાન, જેવી અનેક સુવિધાઓથી સજ્જ છે.[12]

આ સંસ્થામાં દર વર્ષે ૫૦ વિદ્યાર્થીનીઓ બી.એડ્. ના અભ્યાસક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની પ્રવેશ પ્રક્રિયાના નિયમોનુસાર ફાળવીએ આપવામાં આવે છે. સંસ્થાનું ઇન્ટેક ૫૦ વિદ્યાર્થીનીઓનું છે. વર્ષ ૨૦૧૯-૨૦ માં જ્યારે આ સંસ્થાનીએ મુલાકાત લેવામાં આવી તે સમયે પ્રથમ વર્ષમાં ૫૪ અને બીજા વર્ષમાં ૪૮ મળી કુલ ૧૦૨ વિદ્યાર્થીનીઓ આ સંસ્થામાં બી.એડ્. નો અભ્યાસ કરી રહી હતી.[13]

આ સંસ્થાને ૩જી મે ૨૦૧૪ના રોજ National Assessment and Accreditation Council- ‘NAAC’ (રાષ્ટ્રીય મુલ્યાંકન અને પ્રત્યાયન પરિષદ) દ્વારા ‘A’ ગ્રેડ આપવામાં આવેલ છે. જેની અવધી મે ૨૦૧૯ સુધીની છે.[14]

“માત્ર બી.એડ નો જ અભ્યાસક્રમ શીખવતી - અનુભવ આપતી સંસ્થા સમયાંતરે એમ.એડ્ નો અભ્યાસક્રમ શીખવતી સંસ્થામાં વિકાસ પામી સુરેન્દ્રનગર જિલ્લાને પોતાનું કાર્યક્ષેત્ર બનાવી માધ્યમિક શાળાના શિક્ષક-શિક્ષિકાઓને એમ.એડ્ ના જ્ઞાન તથા અનુભવથી સમૃધ્ધ બનાવવાનું શરૂ કર્યુ. આશરે 50 જેટલી સંખ્યામાં શિક્ષકો આનાથી લાભાન્વિત થયા છે. વળી, સંસ્થાએ પોતાના જ્ઞાનનો પ્રસાર પી.એચડી. ના માર્ગદર્શન સુધી પહોંચાડ્યો છે. કોલેજમાં પી.એચડી. જ્ઞાન પ્રસારનું કેન્દ્ર બનીને 20 જેટલી સંખ્યામાં શિક્ષકો આનાથી લાભાન્વિત થયા છે. અને પી.એચડી. ની સન્માનનીય ઉપાધિ પ્રાપ્ત કરાવવા આ સંસ્થા સમર્થ બની છે.”[15]

આજે ગુજરાતના ખુણે ખુણે આ સંસ્થામાંથી કેળવણી મેળવી ગયેલા શિક્ષકો અંતરિયાળ ગામડાઓમાં સામાજિક અને રાષ્ટ્રીય ચારિત્ર્ય નિર્માણની ગંગા વહેવડાવી રહ્યા છે. શ્રી ચીનુભાઇ હિમ્મતલાલ શાહ મહિલા બી.એડ્ કોલેજમાંથી ભણીને ગયેલી દિકરીઓ આજે મૈત્રી વિદ્યાપીઠના સંસ્કારોને ગુજરાતના ગામડે-ગામડે પહોંચાડવાનું કાર્ય કરી રહી છે.

શ્રી મંજુલા કન્યા વિદ્યાલય

નાગજીભાઇ દ્વારા બાલાશ્રમ, પી.ટી.સી. કોલેજ, લોક વિદ્યાલય વગેરે ચલાવવામાં આવતું હતું. શ્રી જયશ્રીબેન વસંતભાઇ દોશી કે જે સમાજ સુરક્ષા ખાતા દ્વારા ચાલતા કુટુંબ સલાહ કેન્દ્રના સુપ્રિન્ટેન્ડેન્ટને સહજભાવે પૂ.પંડિતજીએ પૂછ્યુ કે જયશ્રીબેન આ અંગે તમારી શું સલાહ છે ? ત્યારે એવું નક્કી કરવામાં આવ્યું કે જેમ આર્થિક રીતે નબળા વર્ગના દીકરાઓ માટે લોક વિદ્યાલય છે તેમ દીકરીઓ માટે છાત્ર નિવાસી સંસ્થા ઉભી કરી દીકરીઓને શિક્ષણ ઉપરાંત પૌષ્ટિક સ્વચ્છ અને આયોગ્યુક્ત ખોરાક મળી રહે તે માટે કન્યા છાત્રાલયવાળી

સને ૧૯૮૫ માં "શ્રી મંજુલા કન્યા વિદ્યાલય" નામની સંસ્થા શરૂ કરવામાં આવી.[16]

"સુરેન્દ્રનગર શહેરની પૂર્વ દિશાએ પ્રકૃતિની ગોંદમાં ગામડાની કન્યાઓ માટે એક છાત્ર નિવાસી હાઇસ્કૂલ મંજુલા કન્યા વિદ્યાલય ચાલે છે."[17]

"શ્રી મનસુખભાઇ દોશી લોકવિદ્યાલય, ધોળીધજા ડેમ તથા શ્રી લખમશી નપુ અધ્યાપન મંદિર, મૈત્રી વિદ્યાપીઠમાં અભ્યાસ પૂર્ણ થયા બાદ ઘણા વિદ્યાર્થીઓ ગામડામાં ધંધા રોજગાર માટે ગોઠવાય છે. આ બધા જ્યારે પણ શ્રી નાગજીભાઇને મળે ત્યારે એક વાત સતત કરે જ કે ભાઇ, ઝાલાવાડના ગામડાંની દીકરીઓ માટે કંઇક કરોને ? તેઓ માટે એક કન્યા વિદ્યાલય શરૂ ન થઇ શકે કે જેમાં ભણવા, રહેવા જમવાની પણ સગવડતા હોય ? આ દિશામાં કંઇક કરવું જોઇએ તેવી નાગજીભાઇના મનમાં ગડમથલ ચાલતી હતી. તે જ અરસામાં શ્રી જયશ્રી દીદી ગૂજરાત વિદ્યાપીઠમાંથી M.S.W. નો અભ્યાસ પુરો કરી એલ.એમ.ધ્રુવ બાલાશ્રમ ખાતે મહિલા સલાહ કેન્દ્ર ચલાવતાં હતાં. તેમને પણ લાગ્યુ કે બહેનોના મોટા ભાગના પ્રશ્નોનું કારણ શિક્ષણનો અભાવ છે. આથી તેમના મનમાં પણ બહેનોના શિક્ષણ માટે કંઇક કરવાની વિચારણા ચાલતી હતી. તેમણે નાગજીભાઇ અને શાંતાબહેન (તાઇ) ને વાત કરી કે, પોતાના મનમાં બહેનો માટે સુંદર પ્રવૃતિ કરવી તેવો વિચાર અને ગામડાની બહેનો શિક્ષણ લેતી થાય તેવી ભાવના દિલમાં ચાલ્યાં કરે છે. વડીલોએ અને ટ્રસ્ટના સભ્યોએ આ વિચારને ઝીલી લીધો અને તેના ફળ સ્વરૂપે 'શ્રી મંજુલા કન્યા વિદ્યાલય (ઉત્તર બુનિયાદી)'ની જુલાઇ ૧૯૮૫ માં સ્થાપના થઇ." [18] આ સંસ્થા સુરેન્દ્રનગર જિલ્લાની ગામડાની ગરીબ કુટુંબની અને પ્રાથમિક શિક્ષણ બાદ ગામડામાં માધ્યમિક શિક્ષણની દરેક ગામડે સગવડતા ન હોવાથી ન ભણાવી શકનાર કુંટુબની દીકરીઓ માટે આશિર્વાદરૂપ સાબિત થઇ છે.

"તા.૨૫/૦૭/૧૯૮૫ ના દિવસે ૨૨ (બાવીસ) વિદ્યાર્થીનીઓની સંખ્યાથી સુરેન્દ્રનગર શહેર મધ્યે એક મકાનમાં ધોરણ ૪ ના એક વર્ગની શાળાની શુભ શરૂઆત કરવામાં આવી. ઝાલાવાડની ધરતી સુકી અને નપાણી છે. અહીં દુષ્કાળ લોકોને કોઠે પડી ગયેલો છે. દર ત્રીજે વર્ષે દુષ્કાળ હોય જ. સખત મહેનત કરીને માંડ પેટીયું રળતાં મા-બાપ બાળકના શિક્ષણનો તો વિચાર જ ક્યાંથી કરે ? અને તેમાં પણ કન્યા કેળવણી તો કયાંથી હોય ? ઉંડાણના ગામડાની તથા આર્થિક રીતે નબળી દીકરીઓને શિક્ષણ આપી શકાય તે આ શાળાનો આશય છે."[19] આમ શ્રી મંજુલા કન્યા વિદ્યાલયે સુરેન્દ્રનગર જિલ્લાની ઘણી દિકરીઓના જીવનમાં શિક્ષણરૂપી દીપ પ્રગટાવી તેમના જીવનમાં ઉજાશ લાવવાની તક પુરી પાડી છે. અને આજે પણ આ સંસ્થા આ વિસ્તારની દીકરીઓના શિક્ષણ માટે અને તેમના વિકાસ માટે જહેમત ઉઠાવી રહી છે.

આ સંસ્થાની વિદ્યાર્થીનીઓ જુદા જુદા પ્રોજેક્ટ બનાવવામાં આવે છે. જેમાં અમારો પ્રવાસ, સૌર ઉર્જાની ઉપયોગિતા, ગુજરાતના પ્રવાસન સ્થળો, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી, પ્રતિભાવંત નારીઓ જેવા અનેક પ્રોજેક્ટ બનાવવામાં આવે છે. આ ઉપરાંટ વિદ્યાર્થીનીઓના વાલીઓનું "વાલી સંમેલન" યોજાય છે. જેમાં વિવિધ કાર્યક્રમો રાખવામાં આવે છે. મોટી સંખ્યામાં વાલીઓ અને ગ્રામજનો હાજર રહે છે. તા.૦૪/૦૧/૨૦૨૦ના રોજ માન,શ્રી ભરતભાઇ ટી. ભાલાળા, જિલલા

સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા) સુરેન્દ્રનગરના પ્રમુખ સ્થાને સાંસ્કૃતિક કાર્યક્રમ અને પ્રદર્શાનનું ઉદઘાટન કરવામાં આવ્યું. હતું. જેમાં સામાજિક જાગૃતિ, વ્યસન મુક્તિ, પર્યાવરણ બચાવો, પ્રદોષણ મુક્તિ જેવા પ્રદર્શનોનું નિદર્શન રાખવામાં આવેલ હતું.[20]

રાજ્ય સરકારની શ્રેષ્ઠ શાળા પસંદગી યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૧૭-૧૮ માટે જિલ્લાની શ્રેષ્ઠ શાળા તરીકે પ્રથમ ક્રમે શ્રી મંજુલા કઅન્યા વિદ્યાલયે સ્થાન પ્રાપ્ત કરી રૂપિયા ૧,૦૦,૦૦૦/- (એક લાખ) નું ઇનામ પ્રાપ્ત કરેલ છે. [21]

પાદટીપ

---

1 દેસાઇ નાગજીભાઇ, *શિક્ષણ-સેતુ* , ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 1994a, પૃ.-19.

2 સેજપાલ દિનેશભાઇ અને અન્ય (સંપાદક), *નઇ તાલીમ દ્વારા સમાજ પરિવર્તન ગુજરાતની નઇ તાલીમની સંસ્થાઓની પરિચયમાળા મણકો-4 મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર*, ગુજરાત નઇ તાલીમ સંઘ ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ, 2000, પૃ.-37.

3 દેસાઇ નાગજીભાઇ, *અનાથાશ્રમ*, એલ.એમ.ધ્રુવ બાલાશ્રમ, સુરેન્દ્રનગર, પૃ.-7.

4 દેસાઇ નાગજીભાઇ, *મારી કરમ કથની*, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય, અમદાવાદ, 1994b, પૃ.-116.

5 એજન, પૃ.-111.

6 દેસાઇ નિખિલેશ અને દેસાઇ જયશ્રી (સંપાદક), *હમદર્દીઓના હામી શ્રી ચીનુભાઇ હિંમતલાલ શાહ અભિવાદન પર્વ 2005*, મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર, પૃ.-36.

7 સેજપાલ દિનેશભાઇ અને અન્ય, ઉપરોક્ત ગ્રંથ, પૃ.-2.

8 રૂબરૂ મુલાકાત, મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર, તા.06/06/2019.

9 દેસાઇ, નાગજીભાઇ, મારૂ કેળવણીનું દર્શન, મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર, પૃ.-70.

10 સેજપાલ દિનેશભાઇ અને અન્ય, ઉપરોક્ત ગ્રંથ, પૃ.-68.

11 સૌરાષ્ટ્ર યુનિવર્સિટીનો ભલામણ પત્ર, શિક્ષણ વિભાગનું જાહેરનામું અને ગેઝેટની નકલના આધારે

12 મૈત્રી વિદ્યાપીઠ વેબસાઇટ, www.maitrividyapeeth.org, જોયા તારીખ. ૨૫/૧૨/૨૦૧૯.

13 રૂબરૂ મુલાકાત, વ્યાસ બળવંતભાઇ, પ્રોફેસર, શ્રી સી.એચ.શાહ મૈત્રી વિદ્યાપીઠ કોલેજ ઓફ એજ્યુકેશન, સુરેન્દ્રનગર, તા.૨૪/૧૨/૨૦૧૯.

14 રૂબરૂ મુલાકાત, દેસાઇ જયશ્રીબેન, મંત્રી, મૈત્રી વિદ્યાપીઠ, સુરેન્દ્રનગર, તા.૨૪/૧૨/૨૦૧૯.

15 સેજપાલ દિનેશભાઇ અને અન્ય, ઉપરોક્ત ગ્રંથ, પૃ.-68.

16 શ્રી મંજૂલા કન્યા વિદ્યાલય સુરેન્દ્રનગર, ૨૫ રજત જયંતિ પર્વ,શાળા – શબ્દ – પ્રવૃતિ – દર્શન

17 દેસાઇ, નાગજીભાઇ, દીઠા મેં...કપૂરના દીવા, મૈત્રી વિદ્યાપીઠ સુરેન્દ્રનગર, ૨૦૦૬, પૃ.-૨૭.

18 સેજપાલ, દિનેશભાઇ અને અન્ય, ઉપરોક્ત ગ્રંથ, પૃ.૪૭.

19 એજન, પૃ.૪૭-૪૮

20 શ્રી મંજુલા કન્યા વિદ્યાલય, વાલી સંમેલન નિમંત્રણ પત્રિકા આધારે

21 શ્રી મંજુલા કન્યા વિદ્યાલય, સન્માનપત્ર આધારે